રાજયમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની આરોગ્ય સુરક્ષા માટે "મુખ્યમંત્રી અમૃતમ"(મા) યોજનાની અમલવારી કરવા સ્ટેટ નોડલ સેલ અને એકઝીક્યુટીવ કમીટી ની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃએફપીડબલ્યુ/૧૦૨૦૧૨/૮૪૪/બ.૧
સચિવાલય ગાંધીનગર
તા.૦૨/૦૬/૨૦૧૨.

વંચાણે લીધાઃ-

૧. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૮/૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ એફપીડબલ્યુ/૧૦૨૦૧૨/૪૭૧/બ.૧

૨. કમિશ્નરશ્રી (આરોગ્ય) ગાંધીનગર એસ. એફ. એસ. થી મળેલ તા.૨૬-૪-૨૦૧૨ ની દરખાસ્ત.

આમુખ :

રાજયમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે સંદર્ભ ક્રમાંક (૧) ના ઠરાવથી "મુખ્યમંત્રી અમૃતમ"(મા) યોજના દાખલ કરવામાં આવેલ છે. સંદર્ભ દર્શીત ઠરાવની અમલીકરણ અંગેની જોગવાઇ મુજબ આ યોજનાનું અમલીકરણ સરકાર નિયંત્રિત વિભાગ, એજન્સી / કોર્પોરેશન અથવા અન્ય સંસ્થા (ટ્રસ્ટ / સોસાયટી) ધ્વારા કરવાનું રહે છે.

સંદર્ભ ક્રમાંક (૨) અન્વયે સીંગલ ફાઇલ સીસ્ટમથી કમિશ્નર(આરોગ્ય) ધ્વારા "મુખ્યમંત્રી અમૃતમ"(મા) યોજના પ્રાથમિક તબકકે કમિશ્નરશ્રી (આરોગ્ય) ની કચેરી ધ્વારા અમલમાં મુકવા તેમજ આ યોજનાના સુચારૂ અમલીકરણ માટે રાજય કક્ષાએ સ્ટેટ નોડલ સેલ (SNC) ની રચના કરવા તથા યોજનાના સફળ અમલ અને નીતિ વિષયક નિર્ણયો લેવા માટે એક એકઝીકયુટીવ કમીટીની રચના માટેની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજનાનું પ્રાથમિક તબકકામાં અમલીકરણ માટે રાજ્ય કક્ષાએ સ્ટેટ નોડલ સેલ અને એકઝીકયુટીવ કમીટી ની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧ <u>સ્ટેટ નોડલ સેલ</u>

૧.૧ સ્ટેટ નોડલ સેલનું માળખુ

મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજનાના અમલીકરણ અને રોજબરોજની કામગીરી માટે નીચે મુજબ સ્ટેટ નોડલ સેલની રચના કરવાનું ઠરાવવામાં આવે છે.

૧ પ્રોજેકટ ડાયરેકટર

૨ ઓપરેશન મેનેજર

૩ પબ્લીક હેલ્થ મેનેજર

૪ એકાઉન્ટ ઓફીસર

૫ આઇ.ટી. કન્સલટન્ટ

૬ ટ્રેનિંગ મેનેજર

૭ કો-ઓર્ડીનેટર (૭ જગ્યા)

૮ ફાઇનાન્સ આસીસ્ટન્ટ (૨ જગ્યા)

૯ ડેટા એન્ટ્રી ઓપરેટર (૨ જગ્યા)

૧૦ આઇ.ઇ.સી. કન્સલટન્ટ

૧૧ ઇન્ટરનલ ઓડીટર

હાલ પુરતુ પ્રાથમિક તબકકામાં આ યોજનાની અમલવારી માટે નીચે મુજબની વ્યવસ્થા કરવાનું ઠરાવવામાં આવે છે.

(અ) પ્રોજેકટ ડાયરેકટર- મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજનાની કામગીરી સંયુકત સચિવ (જાહેર આરોગ્ય) એ પોતાની કામગીરી ઉપરાંત વધારાની કામગીરી તરીકે સંભાળવાની રહેશે.

(બ) ક્રમાંક (૨) થી (૬) ની જગ્યાઓની કામગીરી કમિશ્નરશ્રી(આરોગ્ય) ની કચેરીમાં આર.એસ.બી.વાય. યોજના હેઠળ કામગીરી કરતા અધિકારીઓને નીચે મુજબ સોપવામાં આવે છે. તેઓએ આ કામગીરી પોતાની કામગીરી ઉપરાંત વધારાની કામગીરી તરીકે સંભાળવાની રહેશે.

| અ.નં. | અધિકારીનો હાલની હોદો | મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના હેઠળ કરવાની કામગીરી |
|---|---|---|
| ૧ | પ્રોજેકટ ઓફીસર<br>(આર.એસ.બી.વાય) | ઓપરેશન મેનેજર<br>(ઓપરેશન વિભાગ) |
| ૨ | પ્રોગ્રામ ઓફીસર<br>(આર.એસ.બી.વાય) | પબ્લીક હેલ્થ મેનેજર<br>(મેડીકલ મેનેજમેન્ટ વિભાગ) |
| ૩ | સ્ટેટ ફાઇનાન્સ ઓફીસર<br>(એન.આર.એચ.એમ.) | એકાઉન્ટ ઓફીસર<br>(નાણા અને વહીવટ વિભાગ) |